॥ श्रीउपदेशग्रंथावलि ॥

॥ अंक पांत्रीशमो ॥*

॥ शुभभावना ॥

મનુષ્ય જાણે અથવા અજાણે નિરતર જેવી ભાવના કરે છે તેવું ફળ તે ભાવનાનો પરિપાક થયે તે મેળવે છે. ભાવના, ચિંતન, ધ્યાન, ને અનુસધાન એ પર્યાય એટલે એક અર્થના વાચક શબ્દો છે. જે મનુષ્ય નિરતર સારી ભા.ના કરવામા જાયતિ સેવે છે તે મનુષ્ય તે ભાવનાનો પરિપાક થયે શુભ ફળ મેળવે છે, અને જે મનુષ્ય નિરતર અશુભભાવના કર્યા કરે છે તે મનુષ્ય તે ભાવનાનો પરિપાક થયે અશુભ ફળ મેળવે છે એવી રીતે મનુષ્યને પોતાની શુભાશુભભાવનાપ્રમાણે ભાવનાનો પરિપાક થયે શુભાશુભ ફળ મળે છે, તેથી પોતાનુ હિત ઇચ્છનાર મનુષ્યે પોતાના મનને સર્વદા શુભ-

---

* શાકે ૧૮૩૧ આષાઢસુદિ ૧૫

મુમુક્ષુજનોના મનનાર્થે પ્રકટ કરનાર

નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ. એમ. એ.

ભાવનગર—કાઠિયાવાડ.

ભાવનાવાળું રાખવા સાવધાન રહેવું, ને અશુભભાવનાના સ્પર્શથી તને બનતામાં ઘણું દૂર રાખવા નિરંતર સાવધાનતા સેવવી.

મનની અશુભ વા શુભ ભાવનાની અસર મનઉપર, ઇંદ્રિયો-પર, ને બાહ્યવ્યવહારપર થાય છે. જે મનુષ્ય પોતાના મનમાં નિ-રંતર અશુભભાવના કર્યા કરે છે તે મનુષ્યનું મન વ્યગ્ર રહ્યા કરે છે, ને તે ઇંદ્રિયોપર તેના મનમાં થતી અશુભભાવનાદ્વારા ઉપજતા વેગોના ધક્કા લાગી ક્ષોભ થયા કરે છે, તેથી તેમા નિરર્થક ચાંચ-લ્ય રહ્યા કરે છે. આવી ક્રિયા ચાલુ રહેવાથી તેના મન તથા ઇં-દ્રિયોના ઉપયોગી બળની ક્ષીણતા થયા કરે છે. મનમાં ને ઇંદ્રિયોમાં અશુભભાવનાદ્વારા જે ક્ષોભ ઉપજ્યા કરતા હોય તેની નઠારી અ-સર જ્ઞાનતંતુઓ, ગતિતંતુઓ, રક્તવહા, રુધિર, યકૃત્, પ્લીહા, ફે-સાં, જઠરાગ્નિ, ને મળમૂત્રને દૂર કરનારાં અવયવોપર થયા વિના રહેતી નથી. શરીરના તે અવયવોપર નઠારી અસર થવાથી તેઓ સ્થૂળશરીરને નીરોગ તથા બળવાન્ રાખવામાટેનું પોતપોતાનું જે કર્તવ્ય છે તે યથાયોગ્ય કરી શકતા નથી, તેથી સ્થૂળશરીરના સામર્થ્યની હાનિ થાય છે અંતઃકરણ, ઇંદ્રિયો, ને શરીરના ઉપયોગી સામર્થ્યની હાનિ થયે ને મનુષ્ય પોતાનો પ્રાપ્ત વ્યવહાર યથાયોગ્ય રીતે ચલાવી શકે નહિ, તેથી તેના બાહ્યવ્યવહારને પણ નઠારી ભા-વના ધક્કો લગાડે છે એ સ્પષ્ટજ છે.

કોઇ પણ પુરુષે રાગપૂર્વક વારંવાર સ્વસ્ત્રીનું કે પરસ્ત્રીનું ને કોઇ પણ સ્ત્રીએ રાગપૂર્વક પોતાના પતિનું કે ઉપપતિનું ધ્યાન કર્યા કરવું, પુરુષે કે સ્ત્રીએ પોતાના શત્રુનું કે અન્ય કોઇ મનુષ્યાદિ પ્રા-ણીનું દ્વેષબુદ્ધિપૂર્વક અનિષ્ટ ચિંતવ્યા કરવું, મનુષ્યે કોઇની ચડતી સ્થિતિ થયાનું જાણી વા સાંભળી મનમાં બળ્યા કરવું, કોઇના શુ-

ણોમા વારંવાર દેષદર્શન કર્યા કરવું, પોતાનાં શરીરધનાદિ જે અનિત્ય છે તે પદાર્થસબંધી અભિમાનયુક્ત વિચાર કર્યા કરવા, શરીરનો દુઃખી સ્થિતિના સગાંવહાલાની દુઃખી સ્થિતિના સબંધિજનના મરણના ધનહાનિના આજીવિકાના સાધનોની અપ્રાપ્તિના ને અપમાનનાં વિચારો કર્યાં કરવા, કોઇનું કોઇ પણ પ્રકારનું ધન અવિહિત માર્ગે લઇ લેવાના ઉપાયોનું ચિંતન કર્યા કરવું, અને પ્રાપ્ત વિષયોના રક્ષણની ચિંતા કર્યા કરવી એ અશુભભાવનાઓ વા દુર્ધ્યાનો ગણાય છે. એ સર્વ અશુભભાવનાઓ મનુષ્યને ઉત્તરોત્તર તે જ્યાં હોય ત્યાંથી અધમ સ્થિતિએ લઇ જનારી છે, માટે એ સર્વ અશુભભાવનાઓ પોતાનો અભ્યુદય-ચઢતી કળા—ઇચ્છનારે તથા પોતાનું નિઃશ્રેયસ—મોક્ષ—ઇચ્છનારે ત્યજવાયોગ્ય છે એમ વિવેકી પુરુષો કહે છે.

માણસ અભ્યાસનો બનેલો છે. મનુષ્ય જે જે વિચાર, ભાવના, ચિંતન, કે ધ્યાનને પોતાના મનમાં નિત્ય આદરપૂર્વક અવકાશ આપે છે તે તે વિચાર, ભાવના, ચિંતન, કે ધ્યાન શનૈઃ શનૈઃ તે મનુષ્યના મનમા વિશેષ સ્થિતિ કરવા લાગે છે, ને અંતે તે મનુષ્યના મનને તે વિચાર, ભાવના, ચિંતન, કે ધ્યાન પોતામય કરી મૂકે છે. મનુષ્યોનો મોટો ભાગ આ નિયમને નહિ સમજવાથી પોતાનીમેળેજ પોતાના મનને અશુભભાવનાના રંગથી આદરપૂર્વક રંગી દે છે, ને પોતાને હાથેજ પોતાની અધોગતિનાં દ્વારો ઉઘાડાં કરી નાંખે છે.

કર્મનો નિયમ સર્વદા અબાધ્યપણે પોતાનું કામ કરે જાય છે, તેથી અશુભભાવના કે અશુભવિચાર જે અશુભકર્મરૂપ છે તેનું ફળ તે અશુભભાવનાના વેગના પ્રમાણમાં વહેલું કે મોડું તે અશુભભાવના કરનારને મળ્યા વિના રહેતું નથી. કોઇ મનુષ્ય અશુભભાવના

કરતો હોય છતાં, તેને તુરત અશુભ ફળ ન મળ્યુ તો તે જોઇ કો-ઇએ કર્મના નિયમમાં શંકા આણવી ઉચિત નથી. અશુભભાવનાનુ અશુભ ફળ જ્યાં તુરત જોવામાં આવતું નથી ત્યા તે અશુભભાવના મંદવેગવાળી હોવાથી હજી પોતાનુ ફળ પ્રકટાવવાને સમયની વાટ જુએ છે, વા તે મનુષ્યે કોઇ અન્ય શુભકર્મ કર્યું છે તેના શુભ ફળને હણી નાંખી તેણે પોતાનુ ફળ આપી દીધું છે, વા તેના મનના ને ઇંદ્રિયોના સામર્થ્યને હણી વ્યવહારપરમાર્થમા તેના આગળ વધવાને રોકવારૂપ ફળ તેણે આપી દીધુ છે, એમ વિવેકી મનુષ્યે નક્કી કરવું જોઇએ.

જેમ શર્કરાના માધુર્યમાં ને કાકચની કટુતામા અજ્ઞાત મનુષ્યને શકા હોતી નથી તેમ શુભભાવનાના શુભ ફળમા ને અશુભ ભાવનાના અનિષ્ટ ફળમા વિવેકી મનુષ્યોને શંકા હોતી નથી વિશ્વપર દૃષ્ટિ કરતાં જ્યાં જ્યા તમે કોઇ પણ મનુષ્યને રોગી, ધનહીન, ઇંદ્રિયસામર્થ્યહીન, વિદ્યાહીન, ને બુદ્ધિહીન જુઓ ત્યા ત્યા નિઃશંક થઇ તમે નિશ્ચય કરજો કે તેણે વર્તમાન ક્ષણની પૂર્વે કોઇ પણ વેળા અશુભભાવનાનું અનુષ્ઠાન કર્યું છે, ને તેના ફળરૂપે તેની આ વર્તમાન સ્થિતિ છે.

તમારે તમારુ પોતાનુ ને પોતાના પોષ્યવર્ગનુ જીવન ચલાવવામાટે વર્તમાનમાં જે દ્રવ્ય મળતું હોય તેથી વધારે દ્રવ્ય જોઇતુ હોય તો તમારા અંતઃકરણની તથા શરીરની યોગ્યતાનો વિચાર કરી યોગ્ય ધધાવડે તમે તે મેળવવા પ્રયત્ન કરો. ખેડ, વ્યાપાર, સેવા, કે કોઇ અન્ય ધધો કરતાં છતા તમને જોઇએ તેટલુ દ્રવ્ય ન પ્રાપ્ત થઇ શકતું હોય તો નીતિ તથા ઉત્સાહથી નિયમપૂર્વક પોતાનો ધંધો કરતાં જે સમય બચે તે સમયમાં તમે ધનરૂપ લક્ષ્મીના પતિ પરમાત્મામાં

તમારી વાણીને તથા તમારા મનને જોડવાનો વાણીવડે તેમના નામનુ સ્મરણ કરવાનો ને મનવડે તેમના સ્વરૂપ ને ગુણનું ધ્યાન કરવાનો પ્રયત્ન કરો. વર્તમાનમા તમને જે ધન પ્રાપ્ત થતું હોય તેનો તમે તમારા પોતાના તથા અન્યના નિર્દોષ કામમાં ઉપયોગ કરજો, ને પછી જે વિશેષ ધન તમને પ્રાપ્ત થવા લાગે તેનો પણ તમે સદુપયોગ કરવાનોજ સુદૃઢ નિશ્ચય રાખી સદુપયોગજ કરજો. આનો તમારો પ્રયત્ન નિરતર આદરપૂર્વક ચાલ્યા કરશે તો તે કર્મનો પરિપાક થયે તમને દ્રવ્યપ્રાપ્તિ નહિ થવા દેનારા પ્રતિબંધક પાપસસ્કારો દૂર થશે, ને તમને દ્રવ્યની વિશેષ પ્રાપ્તિ થવાનું સાધન હાથ આવશે, ને તે સાધનદ્વારા તમે દ્રવ્યની ઉત્તરોત્તર વિશેષ પ્રાપ્તિ કરી શકશો. દ્રવ્યની બહુ અનુકૂળતા થાય તે વેળા સાવધાનતા ને ધૈર્યવડે અત:કરણને નિર્દોષ રાખવાનુ તથા નિર્દોષ પ્રવૃત્તિ સેવવાનુ ભૂલશો નહિ

પુત્રપ્રાપ્તિમાટે, શરીરના રોગની નિવૃત્તિમાટે, અન્ય પ્રાપ્ત દુ:ખની નિવૃત્તિમાટે, શરીરના સૌંદર્યમાટે, ઇંદ્રિયોના યોગ્ય સામર્થ્યમાટે, અને અત:કરણના યોગ્ય સામર્થ્યમાટે પણ પરમાત્માના સ્મરણધ્યાનરૂપ શુભભાવના બહુ ઉપકારક છે. પુત્રની પ્રાપ્તિની જેમને ઇચ્છા હોય તેમણે આવો પ્રયત્ન કરવો જોઇએ:—પરમાત્મા પરમકૃપાળુ છે, તથા જો અમે બન્ને સર્વપ્રકારે યોગ્ય થઇએ તો તેઓ તુરત પુત્ર આપવાને સર્વ પ્રકારે સમર્થ છે એવો વિચાર તે સ્ત્રીપુરુષે વારવાર સશયવિપર્યયરહિત કર્યા કરવો, ને પરમાત્માના સ્મરણધ્યાનાદિથી સમય આવે અવસ્ય અમને પુત્રલાભ થશે એવો સુદૃઢ વિશ્વાસ રાખી અવ્યભિચારિભાવે તે દપતીએ પરમાત્માનુ સ્મરણધ્યાન કર્યા કરવુ જોઇએ. એમ કરવાથી પુત્રની પ્રાપ્તિ નહિ થવા દેનારા પાપસંસ્કારો દૂર થતા તેમને પુત્રલાભ થશે. વિશ્વમાં એવું કોઇ દુ:ખ નથી કે જે

પરમાત્માના અનન્યભાવવાળા સ્મરણધ્યાનથી દૂર ન થાય, ને વિશ્વમાં એવું કોઇ સુખ વા પદાર્થ નથી કે જે પરમાત્માના અનન્યભાવવાળા સ્મરણધ્યાનથી મનુષ્યને પ્રાપ્ત ન થાય જેઓ કોઇ પણ પ્રકારના રોગથી બહુ વ્યથા પામતા હોય, જેઓ અન્ય કોઇ પણ પ્રકારના દુઃખથી પીડિત હોય, જેઓ કુરૂપ હોવાથી શરીરના સૌંદર્યને ઇચ્છતા હોય, જેમની કર્મેંદ્રિયો તથા જ્ઞાનેંદ્રિયો પૂરતા સામર્થ્યવાળી ન હોવાથી તેમના પૂરતા સામર્થ્યની પ્રાપ્તિની જેઓ ઇચ્છા કરતા હોય, ને જેમના અંતઃકરણમા કોઇ પણ ગ્રંથનો વિષય ગ્રહણ કરવાનું તથા તેને ધારણ કરવાનુ પૂરતું સામર્થ્ય ન હોય તેથી તેવુ સામર્થ્ય મેળવવામાટે જેઓ અતિ આતુર હોય તે સર્વેએ પોતપોતાના ઇચ્છિત લાભમાટે પરમકૃપાળુ ને અમર્યાદિત સામર્થ્યવાળા પરમાત્માનું અડગ શ્રદ્ધાથી અનન્યભાવે નિરંતર સ્મરણધ્યાન કર્યા કરવુ એમ વર્તવાથી તેમના આ શુભ કર્મના પરિપાકવડે તેમના ઇચ્છિતની પ્રાપ્તિ નહિ થવા દેનારા પાપસંસ્કારો દૂર થશે, ને તેમને ઇચ્છિતનો લાભ થશે. જેમના અંતઃકરણમા પાપના સંસ્કારો બહુ હોય છે, ને તેને દૂર કરવાના પ્રયત્નનો વેગ મંદ હોય છે, તેમને ફળસિદ્ધિનો અનુભવ લાંબે કાળે થાય છે, ને જેમના અંતઃકરણમાં પાપના સંસ્કારો ન્યૂન હોય છે, ને તેને દૂર કરવાના પ્રયત્નનો વેગ તીવ્ર હોય છે તેમને ફળસિદ્ધિનો અનુભવ અલ્પ કાળમા થાય છે ટુંકામા કહીએ તો અંતઃકરણમા પાપસંસ્કારોની ન્યૂનતા હોય ને તેને દૂર કરવાનો પ્રયત્ન અધિકવેગવાળો હોય તો ફળસિદ્ધિ વહેલી અનુભવાય છે, ને અંતઃકરણમા પાપસંસ્કારોની બહુલતા હોય, ને તેને દૂર કરવાનો પ્રયત્ન અલ્પવેગવાળો હોય તો ફળસિદ્ધિ મોડી અનુભવાય છે પોતાના અંતઃકરણમા પોતાની ઇચ્છાના વિષયના પ્રતિબંધક પાપસંસ્કારો

કેટલા પ્રમાણુમાં છે તે મનુષ્યથી પ્રાયશઃ જાણી શકાય એમ નથી, માટે પ્રત્યેક મનુષ્યે પોતાના ઇચ્છિતની પ્રાપ્તિમાટે શ્રદ્ધા, ઉત્સાહ, ને સાવધાનતાથી ઘણામાં ઘણા વેગવાળો પ્રયત્ન કરવો જોઇએ. પ્રયત્ન કરતાં બહુ સમય ગયો, ને મારા ઇચ્છિત કાર્યની સિદ્ધિ ન થઇ, તો હવે વધારે સમય પ્રયત્ન કરવો નિરર્થક છે એમ વિચારી તેણે અધવચમાંજ પોતાનો પ્રયત્ન ન મૂકી દેવો જોઇએ. જેમ જમવા બેઠેલો મનુષ્ય તૃપ્તિ થાય ત્યાંસુધી જમવાનુ કામ પ્રીતિપૂર્વક કર્યા કરે છે, પણ અધવચમાં ભાણાપરથી ઊઠી જતો નથી, અને કોઇ ગામ વા નગર જનારો મનુષ્ય જ્યાસુધી તે ગામ વા નગર આવે ત્યાસુધી ધૈર્ય ને સાવધાનતા રાખી પ્રીતિપૂર્વક ચાલ્યા કરે છે, પણ અધવચમા અટકી જતો નથી, તેમ પોતાને જે પદાર્થ ઇચ્છિત હોય તે પદાર્થની પ્રાપ્તિમાટે જ્યાંસુધી તે ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ થાય ત્યાંસુધી તેણે નિરતર પરમાત્માનું સ્મરણધ્યાન અડગ શ્રદ્ધા, અપૂર્વ ઉત્સાહ, ધૈર્ય, ને સાવધાનતાવડે કર્યા કરવુ જોઇએ, અધવચમાં ન મૂકી દેવુ જોઇએ.

જેમ દૃષ્ટ પદાર્થોના લાભમાટે પરમાત્માના સ્મરણધ્યાનરૂપ શુભભાવના ઉપયોગી છે તેમ સ્વર્ગાદિ અદૃષ્ટ પદાર્થોના લાભમાટે, પણ પરમાત્માના સ્મરણધ્યાનરૂપ શુભભાવના ઉપયોગી છે. અંતરિક્ષલોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક, કે સત્યલોકમાંના જે લોકની પ્રાપ્તિની મનુષ્યને ઇચ્છા હોય તે લોકનું તથા ત્યાંનાં દિવ્યસુખોનું સ્મરણ રાખી તેણે અનુકૂળબુદ્ધિવડે પરમાત્માનું સ્મરણધ્યાન કર્યા કરવુ જોઇએ. પરમાત્માનું સ્મરણધ્યાન કરતા રહેવાથી તે મનુષ્યના તે તે લોકની તથા ત્યાના દિવ્ય સુખોની પ્રાપ્તિ નહિ થવા દેનારા પાપસસ્કારો દૂર થાય છે, ને તે મનુષ્યને પોતાના

ઇચ્છિત લોકની તથા ત્યાંના દિવ્ય સુખોની પ્રાપ્તિ થાય છે. પરમાત્માનું વિધિવત્ સ્મરણધ્યાન એ જ્યોતિષ્ટોમ ને અશ્વમેધ યજ્ઞોથી પણ શ્રેષ્ઠ યજ્ઞ છે, અને પચાગ્નિઆદિ ઉપાસનાઓથી પણ શ્રેષ્ઠ ઉપાસના છે, કે જેવડે પરમાત્માનુ વિધિવત્ સ્મરણધ્યાન કરનારને અંતરિક્ષલોકથી માંડીને સત્યલોકસુધીના કોઇ પણ લોકની તથા ત્યાંના સુખોની પ્રાપ્તિ થઇ શકે છે.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, ભય, ને ચિંતા એ મનોવિકારોમાંના કોઇ એક વા અનેક મનોવિકારથી કોઇ મનુષ્ય પીડાતો હોય ને તે મનુષ્ય પોતાને પીડા આપનાર તે એક વા અનેક મનોવિકારથી રહિત થવા ઇચ્છતો હોય તો તેણે કામનું તથા તેવડે થયેલી ભૂલોનું, ક્રોધનુ ક્રોધના કારણોનું ને ક્રોધવડે થયેલી ભૂલોનું, લોભનુ ને લોભવડે થયેલી ભૂલોનું, મોહનુ ને મોહવડે થયેલી ભૂલોનુ, મદનુ ને મદવડે થયેલી ભૂલોનુ, મત્સરનુ ને મત્સરવડે થયેલી ભૂલોનુ, દંભનું ને દંભવડે થયેલી ભૂલોનુ, ભય ને ભયવડે થયેલી ભૂલોનુ, અને ચિંતા ને ચિંતાના કારણોનુ વારવાર સ્મરણધ્યાન ન કરવુ, તથા “હાય! હાય! હુ આ વિકારોથી ક્યારે મોકળો થઇ શકીશ?” એમ પરિતાપ પણ ન કરવો. તે મનોવિકારોમા રહેલા દોષોનો વારવાર વિચાર કરવાથી ઘણી વાર તે મનોવિકારો બળહીન થવાને સ્થાને બળવાન્ થઇ અભિમાનીને વધારે દુ:ખ દે છે, માટે તે મનોવિકારોથી રહિત થવાનો તે મુખ્ય ઉપાય નથી. તે મનોવિકારોને દૂર કરવા ઇચ્છનાર મનુષ્યે તે મનોવિકારોને દૂર કરવા આ પ્રમાણે પ્રયત્ન કરવો જોઇએ —જે મનુષ્યને કામ પીડા આપતો હોય તેણે ઉપસ્થના નિગ્રહની કેટલીક યુક્તિઓ કોઇ યોગવિત્ મહાપુરુષપાસેથી જાણી તેનુ અનુષ્ઠાન સવારસાંજ યથાશક્તિ કર્યા કરવુ,

અને સ્વશરીરના તથા અન્ય મનુષ્યાદિના શરીરના અધિષ્ઠાનરૂપ આત્માજ સત્ય છે, અને મન, મનનો ધર્મ કામ, મારું શરીર, ને અન્ય કોઇ પણ શરીર સત્ય નથી, માત્ર ભ્રાંતિથી એ સર્વ મને પ્રતીત થાય છે, આવી ભાવના આદરપૂર્વક વારવાર કર્યા કરવી. અન્ય શરીરનું, વા કોઇ કુક્રિયાનુ, વા સ્વશરીરનુ ભાન થાય કે તુરત તેના અધિષ્ઠાનરૂપ વા વિવર્તઉપાદાનકારણરૂપ બ્રહ્મથી અભિન્ન સચ્ચિદાનંદ આત્મામા પોતાના મનને સાવધાનતા ને આદરથી જોડી દેવુ. સાવધાનતાપૂર્વક એવી રીતે વર્તવામા આવશે તો કામનો જય કરી અતઃકરણાદિને તે દોષથી રહિત કરી શકાશે.

જે મનુષ્ય ક્રોધનો ત્યાગ કરવા ઇચ્છતો હોય તેણે પણ બ્રહ્મભાવનાજ કરવી, અર્થાત્ અહિં અસગ ને અક્રિય બ્રહ્મથી ભિન્ન કાંઇજ નથી, હું, તું, તે, ને આ એવા ભેદો મને મારા અજ્ઞાનથીજ પ્રતીત થાય છે, એવો વિચાર વારવાર કર્યા કરવો. હું પ્રત્યગભિન્ન બ્રહ્મ હોવાથી મારે વિષે મન, ઇંદ્રિયો, કે શરીર નથી, અને કલ્પિત શરીરના કલ્પિત સબંધવાળા પ્રાણિપદાર્થો પણ કલ્પિતજ છે. હું દુઃખાતીત, અસગ, સર્વનો આત્મા, ને પરમાનદરૂપ છું તેનો અપકાર કરવા કોણ સમર્થ છે ? અહિં હું મારા સ્વરૂપથી ભિન્ન કાંઇ જોતોજ નથી તો હું કોના ઉપર કયા કરણવડે ક્રોધ કરું ? જેમ સ્વપ્નના પ્રાણિપદાર્થો ચેતનના વિવર્તરૂપ ને અવિદ્યાના પરિણામરૂપ હોવાથી મિથ્યા છે તેમ જાગ્રત્‌માં પ્રતીત થતા પ્રાણિપદાર્થો પણ ચેતનના વિવર્તરૂપ ને અવિદ્યાના પરિણામરૂપ હોવાથી મિથ્યા છે. એવી રીતે સ્વપરમાં સુદૃઢ બ્રહ્મભાવના કરતા રહેવાથી મનને ક્રોધદોષથી રહિત નિર્મળ કરી શકાશે.

જે મનુષ્ય પોતાના મનને લોભદોષથી રહિત કરવા ઇચ્છતો

હોય તેણે પણ બ્રહ્મભાવનાજ કર્યા કરવી. હું દુઃખગહન, પરમાનંદરૂપ, ને સર્વસંગરહિત બ્રહ્મ છું, અને આ દ્રવ્યરૂપે પ્રતીત થતી વસ્તુ પણ તેનાં કલ્પિત નામ ને રૂપનો બાધ કરતાં બ્રહ્મજ છે. ચૌદ ભુવનમાં જે દ્રવ્ય છે તે સર્વ મારા આત્મસ્વરૂપમા કલ્પિત હોવાથી મને સર્વદા પ્રાપ્તજ છે, તો મારે યોગ્ય પ્રસંગ પ્રાપ્ત થયે દ્રવ્ય વાપરવામા શામાટે સંકોચ રાખવો જોઇએ ? ને બીજાની પાસેથી દ્રવ્ય મેળવવાની નિરર્થક ઇચ્છા શામાટે કરવી જોઇએ ? જેની પાસે લૌકિક ચિંતામણિ હોય તે પણ લોભનો દાસ ન થાય, તો હું પોતે અલૌકિક ચિંતામણિરૂપ છતા મારે શામાટે લોભના દાસ થવુ જોઇએ ? આવી રીતે માહાત્મ્યજ્ઞાનસહિત પોતાના સ્વરૂપનુ વારંવાર અનુસંધાન કર્યા કરવાથી લોભદોષ દૂર થઇ જાય છે

મોહવિકારને દૂર કરવામાટે પણ બ્રહ્મભાવનાનોજ આશ્રય કરવો જોઇએ. બ્રહ્મનો સ્વભાવ ચૈતન્ય—જ્ઞાન—વા પ્રકાશરૂપ છે. જે મનુષ્ય પ્રકાશવાળા પ્રદેશમા જાય તે મનુષ્યને ત્યા અંધકારની પ્રતીતિ ન થાય, તેમ જે મનુષ્ય હું જ્ઞાનસ્વરૂપ બ્રહ્મ છુ એમ વારંવાર વિચાર્યા કરે તેના અંતઃકરણમાં પણ જ્ઞાનસ્વભાવની પ્રબળતા થવાથી ત્યા રહેલું અજ્ઞાન નિવૃત્ત થઇ જાય છે અવિવેક, મોહ, ને અજ્ઞાન એ પર્યાય છે. એવી રીતે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મની અભેદભાવે ભાવના કરવાથી તે ભાવનાનો પરિપાક થયે મોહવિકાર નિત્યને માટે શમી જાય છે.

મદનું મર્દન કરવામાં પણ બ્રહ્મભાવનાજ ઉપયોગી છે. અહિં બ્રહ્મરૂપ હું એકલોજ છુ, દ્વૈતનો ગંધ પણ નથી. માયા ને માયાનાં કાર્યોરૂપ ભૂતભૌતિક પ્રપંચ અહિં શોધ્યાં પણ જડતા નથી, અહિં હું એકજ અદ્વિતીય હોવાથી મન પણ નથી, તો મનને અન્ય

પ્રાણીના સ્વભાવને આશરે જીવનારો બાપડો મદ કયાથી હોય ? સર્વવિક્ષેપશૂન્ય પરમશાત મારા બ્રહ્મસ્વરૂપમાં સૂર્યમાં અંધકાર ન હોય તેમ મદ નથી. આમ મદ ને મદના આશ્રયથી રહિત પોતાના બ્રહ્મસ્વરૂપની ભાવના કર્યા કરવાથી તે ભાવના જ્યારે સુદૃઢ થાય છે ત્યારે બાપડો નિરાધાર મદ નિરુપાયે પુનરુદ્ભવરહિત મૃત્યુનુ શરણુ ગ્રહણુ કરે છે.

મત્મરદોષને પુનરાવૃત્તિરહિત અલૌકિક યમદ્વારે પહોંચાડવામાટે પણુ વિવેકી મનુષ્યે બ્રહ્મભાવનારૂપ મત્રનુંજ અનુષ્ઠાન કરવું જોઇએ. મારા અદ્વિતીય ને સર્વોત્તમ આત્મસ્વરૂપમા અન્ય કોઇ પણ પ્રાણી નથી. અન્ય પ્રાણીવિના ને વિશેષે મારાથી ઉત્તમ કે મારા જેવા પ્રાણીના સદ્ભાવવિના હું કોના પ્રતિ મત્સર કરુ ? અહિં ત્રિપુટીના અભાવથી મત્સર કરવાયોગ્ય પ્રાણી ને મત્સરને આશ્રય આપનાર મનનું નામ પણુ નથી તો મારે મત્સરને દૂર કરવામાટે શો પ્રયત્ન કરવાનો છે ? કાંઇ પણુ નહિ. આમ વસ્તુસ્થિતિ છે તેથી હું મારા કર્તવ્યશૂન્ય સ્વભાવમાજ વિરામું છું આવી બ્રહ્મભાવનાના પરિપાકવડે મરણુ પામેલો મત્સર ઉત્પત્તિના કારણુના અભાવથી પુનઃ ઉત્પન્ન થતો નથી, પણુ તે સદ્ગતિને એટલે પુનરાવૃત્તિરહિત સ્થાનને પામે છે.

લોભના પુત્ર ને અસત્યના બાપ દંભના નાશમાટે પણુ મોક્ષસાધકે બ્રહ્મભાવનાના અનુષ્ઠાનરૂપ અભિચારકર્મ કરવું જોઇએ. અહિં બ્રહ્મતત્ત્વવિના બીજું કાંઇજ નથી, અધિષ્ઠાનરૂપ બ્રહ્મના અજ્ઞાનથીજ તે બ્રહ્મ અન્ય પ્રાણિપદાર્થરૂપે પ્રતીત થાય છે જ્યાં મારા વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મવિના અન્ય કાંઇજ સત્ય નથી, ત્યાં મન, અહંકાર, લોભ, ને દંભને અવકાશજ કયાં છે ? અસંગ ને પૂર્ણકામ

એવો હું તેમાં દંભનું નામજ કયાથી હોય ? જો હું જેવો છુ તેવોજ મને જાણું તો પછી દંભનું અસ્તિત્વજ નથી. આવા શુભવિચારોરૂપ શુભભાવનાના અખંડ અનુષ્ઠાનવડે તે ભાવનાનો પરિપાક થયે દંભ નિત્યને માટે વિદાય થાય છે.

ભયની નિ:શેષ નિવૃત્તિ પણ અભયરૂપ બ્રહ્મનું અભેદભાવે અનુસંધાન કરવાથીજ થઇ શકે છે. હું અત્યંત નિર્ભય બ્રહ્મસ્વરૂપ છુ, અહિં મારાથી ભિન્ન કોઇ પણ પ્રાણિપદાર્થ સત્ય નથી, તો હુ કોનાથી ભય પામુ ? વંધ્યાસુતજેવા કલ્પિત પ્રાણિપદાર્થો કોઇ પણ પ્રકારે મારું અનિષ્ટ કરવા લેશ પણ સમર્થ નથી, તો પછી મારે ભયનો વિચારસરખો પણ શામાટે કરવો જોઇએ ? આમ વારંવાર બ્રહ્મભાવના કર્યા કરવાથી તેની પરિપક્વતા થયે જેમ સૂર્યના તાપથી ધુમસ દૂર થઇ જાય છે, તેમ અનાદિઅજ્ઞાનવડે ઉત્પન્ન થયેલા ભેદજ્ઞાનથી ઉપજેલું ભય પણ નિ:શેષ નિવૃત્ત થઇ જાય છે.

ચિતાના કરતા પણ વધારે ભયંકર ચિંતાને પ્રશાંત કરવામાટે પણ બ્રહ્મભાવનારૂપ પ્રલયકાળના મેઘનુજ સાહાય્ય લેવુ યોગ્ય છે. હુ અક્રિય, દુ:ખાતીત, ને પરમાનંદરૂપ બ્રહ્મ છુ. પૂર્વે મારુ કાંઇજ બગડેલુ નથી, વર્તમાનમા મારુ કાંઇ બગડતુ નથી, ને ભવિષ્યમાં મારુ કાંઇ પણ બગડવાનો કોઇ પણ પ્રકારે સંભવજ નથી, તો પછી મારે ચિંતા શાની કરવી ? બ્રહ્મથી અભિન્ન આત્મારૂપ મારે શરીર નથી કે શરીરસંબંધી કાંઇ પણ ચિંતા કરવી પડે, મારે પુત્ર, પુત્રી, કે સ્ત્રી નથી કે તેઓ મરે વા માંદાં થાય તો મારે ચિંતા કરવી પડે, મારે ધન નથી કે તેના વિનાશાદિથી મારે ચિંતા કરવી પડે, ટુંકામાં, સર્વ સંગવિહીન જે હું તેનુ અહિં કાંઇજ નથી કે જેના સંબંધમાં મારે લેશ પણ ચિંતાયુક્ત થવું પડે.

ઉપરના મનોવિકારોને દૂર કરવામાટે જે બ્રહ્મભાવના કરવી તે બ્રહ્મભાવના દીર્ઘકાળ, નિરતર, અને શ્રદ્ધા સાવધાનતા ધૈર્ય ને દૃઢતાપૂર્વક કરવાથી પોતાના ફળને પ્રકટાવે છે જો તે ભાવના અલ્પકાળ કરવામા આવે, વચ્ચે ત્રુટ પાડીને કરવામા આવે, અશ્રદ્ધાયુક્ત મનથી કરવામાં આવે, પ્રમાદપૂર્વક કરવામા આવે, અધૈર્યયુક્ત મનથી કરવામાં આવે ને અદૃઢતાથી કરવામા આવે તો તે ભાવના પોતાનુ યથાયોગ્ય ફળ પ્રકટાવી શકતી નથી. જેમણે ભૂતકાળમા યોગ્ય રીતે તે ભાવનાનુ અનુષ્ઠાન કર્યું હતું તેમને તેના ફળનો અનુભવ તે કાળમા થયો હતો. એમ પ્રામાણિક પુરુષોના વચનોથી જણાય છે, વર્તમાનમા જેઓ યોગ્ય રીતે તે ભાવનાનુ અનુષ્ઠાન કરે છે તેમને તેના ફળનો લાભ પ્રયત્નના પ્રમાણમા પ્રતીત થાય છે એમ વિવેકીઓના જોવામા આવે છે, અને ભવિષ્યમા જેઓ તે ભાવનાનુ યોગ્ય રીતે અનુષ્ઠાન કરશે તેમને તેનો લાભ જણાશે એમ અનુમાનપ્રમાણથી નિશ્ચય કરાય છે.

સત્યાદિગુણયુક્ત સસ્કારો વાણી બોલવાનો સ્વભાવ, બોલ્યા પ્રમાણે વર્તન રાખવાનો સ્વભાવ, નિયમિત રીતે ઉત્સાહપૂર્વક કામ કરવાનો સ્વભાવ, સન્નિશ્ચયાનુસાર દૃઢતાથી વર્તવાનો સ્વભાવ, ઔદાર્ય, કનિષ્ઠ પ્રાણીઓપ્રતિ દયા, સમાન મનુષ્યોપર પ્રેમ, પોતાનાથી ચઢતી સ્થિતિવાળા મનુષ્યાદિમા પૂજ્યભાવ, સર્વત્ર સમદૃષ્ટિ, સર્વત્ર ન્યાયબુદ્ધિ, વિનય, ધૈર્ય, ક્ષમા, નિરર્થક દીનતા ને ઉદ્ધતાઇથી રહિત સ્વાભિમાન, અસ્તેય, સતોષ, ને પવિત્રતા આદિ શુભ ગુણો પણ ને શુભ ગુણો પરમાત્મામા પરિપૂર્ણરૂપે રહ્યા છે એમ ધારી તે ગુણોની પ્રાપ્તિની ઇચ્છાસહિત નિરતર પરમાત્માનું સ્મરણધ્યાન કર્યા કરવાથી તે સ્મરણધ્યાનરૂપ ભાવનાનો પરિપાક થયે ઇચ્છિત શુભ ગુણોની

ભાવના કરનાર ભાગ્યશાળી મનુષ્યને તે શુભગુણોની પ્રાપ્તિ થાય છે.

અમાનિત્વઆદિ જ્ઞાનનાં વીશ સાધનો અને અભયઆદિ છ-વીશ પ્રકારની દૈવીસંપત્તિની પ્રાપ્તિ પણ તેમને પ્રાપ્ત કરવાની દૃઢ ઇચ્છાપૂર્વક **શ્રીમહેશ્વરનું** સ્મરણધ્યાન કરવાથી થાય છે.

વિવેક, વૈરાગ્ય, શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ, તિતિક્ષા, મુમક્ષુતા, તથા જીવના ને ઇશ્વરનો વાસ્તવિક સ્વરૂપનુ જ્ઞાન, એ જ્ઞા-નનાં સમીપનાં સાધનરૂપ ઉત્તમ ગુણો મેળવવામાટે પણ તે ગુણો મેળવવાની તીવ્ર ઇચ્છાસહિત પરમાત્માનું સ્મરણધ્યાન કરવાથી ને સ્મરણધ્યાનનો પરિપાક થયે સાધકને તે ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે.

જેમા અહતામમતાનો ગંધ પણ નથી એવા બ્રહ્મથી અભિન્ન પોતાના આત્માનુ વારંવાર ચિંતન કરવાથી સાધકના અતઃકરણમા રહેલી અહતામમતાની અત્યત નિવૃત્તિ થાય છે.

યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, સયમ, ને સપ્રજ્ઞાતયોગની સિદ્ધિમાટે પણ સદાગ્રહપૂર્વક પરમાત્માનું સ્મરણધ્યાન ને તે યમાદિનો અભ્યાસ કરવાથી સાધકને તે યમાદિની સિદ્ધિ થાય છે

સ્મરણાદિ નવ પ્રકારની ભક્તિમાની કોઇ એક ભક્તિ તથા અનન્ય-ભક્તિ પણ મનુષ્યને પરમકૃપાળુ પ્રભુના સ્મરણધ્યાનથી પ્રાપ્ત થાય છે.

"અહિં કોઇ મારુ નથી, ને હું કોઇનો નથી; અવિદ્યા ને અવિદ્યાના કાર્યરૂપ આ પ્રપચ કલ્પિત હોવાથી મિથ્યા છે," આવી ભાવના કરવી તે પણ શુભભાવના છે. આ ભાવનાનો પૂર્વોક્ત રીતે અભ્યાસ કરવાથી તેનો પરિપાક થયે અવિદ્યા ને અવિદ્યાનાં કાર્યોનો બાધ થઇ તે મોક્ષસાધકને પોતાના અસંગ, અક્રિય, ને પરમાનદસ્વ-રૂપનું ભાન થાય છે.

"નામ, રૂપ, ને ક્રિયા મિથ્યા છે, ભૂતાકાશથી વિલક્ષણ એક ચિદાકાશજ સત્ય છે," આવું ચિંતન કર્યા કરવું તે પણ શુભભાવના છે. આ ભાવનાનુ અનુષ્ઠાન આગળ કહેલી રીતે કરવાથી તેનો પરિપાક થયે તે નિઃશ્રેયસસાધકને શરીરની અંતર તથા બહાર સર્વત્ર એકરસ, શાંતપ્રકાશરૂપ, ને સૂક્ષ્મતમ ચિદાકાશની પ્રતીતિ થાય છે. આવી સ્થિતિએ તે જીવન્મુક્ત પુરુષ આકાશમાં રહેલો કપૂરનો ઘડો જેમ અંતરથી તથા બહારથી શૂન્ય–ખાલી–હોય છે તેમ જગત્‌રૂપ દ્વૈતની ભાવનાથી અંતઃકરણની અંતર ને બહાર શૂન્ય હોય છે, ને સમુદ્રમા રહેલો બરફનો ઘડો જેમ અંતર ને બહારથી જળથી ભરેલો હોય છે તેમ અંતઃકરણની અંતર ને બહારથી બ્રહ્માનંદથી પૂર્ણ હોય છે.

"હું સ્થૂળશરીર નથી, હું કર્મેંદ્રિયોમાંની કોઇ પણ કર્મેંદ્રિય નથી, હું જ્ઞાનેંદ્રિયમાની કોઇ પણ જ્ઞાનેંદ્રિય નથી, હું મન, બુદ્ધિ, ચિત્ત, કે અહંકાર નથી, હું પ્રાણ, અપાન, સમાન, વ્યાન, કે ઉદાન નથી, હું અવિદ્યાનો અંશ વા કારણશરીર નથી, અને હું જીવ વા ચિદાભાસ નથી, પણ હું પ્રત્યગભિન્ન બ્રહ્મ છુ," આવુ ચિંતન ચિરકાળ કર્યા કરવુ તે પણ શુભભાવના છે આ શુભભાવનાનો પરિપાક થવાથી તે મુક્તિસાધકને સ્થૂળશરીરાદિ જડસમૂહમાથી હુંપણાની બુદ્ધિ દૂર થઇ જાય છે, ને પોતાનું વાસ્તવિક સ્વરૂપ જે પ્રત્યગભિન્ન બ્રહ્મ એવા શબ્દથી તથા પ્રત્યગભિન્ન બ્રહ્મને આકારે થયેલી મનોવૃત્તિરૂપ જ્ઞાનથી ભિન્ન પ્રત્યગભિન્નબ્રહ્મરૂપ વસ્તુ છે તેમાં હુંપણાની બુદ્ધિ સુસ્થિર થાય છે. આવી સ્થિતિએ તે મહાપુરુષને સર્વ દુઃખોની નિવૃત્તિ ને પરમાનંદનોજ અનુભવ થાય છે. આવી નિર્વિકલ્પસ્થિતિ તે સહજાવસ્થા વા સહજસમાધિ કહેવાય છે. અંતઃકરણને

આવી સ્થિતિએ પહોંચાડાય ત્યારે તે પુરુષે જાણવું જે હું હવે વેદાંતપારગ વા યોગપારગ થયો

" હું પૃથિવીતત્ત્વ નથી, હું જળતત્ત્વ નથી, હું અગ્નિતત્ત્વ નથી, હું વાયુતત્ત્વ નથી, હું આકાશતત્ત્વ નથી, હું અહંકાર નથી, હું મહત્તત્ત્વ નથી, ને હું અવ્યક્ત પણ નથી, કિંતુ એ સર્વેથી અત્યંત વિલક્ષણ નિરતિશય વ્યાપક ને સચ્ચિદાનંદસ્વરૂપ બ્રહ્મ છું, " આવું વારંવાર ચિંતન કરવું તે પણ શુભભાવના છે. આ શુભભાવનાનો પરિપાક થયે પણ તે મોક્ષસાધક પ્રાપ્તવ્યને પ્રાપ્ત થઇ તથા જ્ઞાતવ્યને જાણી કર્તવ્યના અવધિને પામવાથી કૃતાર્થ થાય છે

" હું પરમશાંત, પરમતૃપ્ત, ને પૂર્ણકામ છું, મારે વિષે લેશ પણ વિક્ષેપનો, અતૃપ્તિનો, કે કામનાનો સંભવ નથી, " આવું ધ્યાન વારંવાર આદરપૂર્વક કર્યા કરવું તે પણ શુભભાવના છે. આ શુભભાવનાનો પરિપાક થયે તે મહાપુરુષ પોતાને વિષે પરમશાંતિ, પરમતૃપ્તિ, ને પૂર્ણકામપણું અનુભવી કૃતકૃત્ય થાય છે.

પોતાના શ્રીસદ્‌ગુરુના શ્રેષ્ઠ વિચાર અને શ્રેષ્ઠ આચાર એરૂપ તેમનાં ચરણકમળ કે જે કાર્યસહિત અજ્ઞાનનો ઉચ્છેદ કરવામાં સર્વદા સમર્થ છે તેનું નિરંતર આદરપૂર્વક ચિંતન કરવું તે પણ શુભભાવના છે, આવી શુભભાવના કર્યા કરવાથી તે શુભભાવનાનો પરિપાક થયે તે પરમતત્ત્વેચ્છુના હૃદયમાં રહેલા અજ્ઞાનનો તથા અજ્ઞાનનાં કાર્ય શોકમોહાદિનો ઉચ્છેદ થઇ જાય છે

બ્રહ્મ એ નિરતિશયવ્યાપક દર્પણતુલ્ય છે, અને તેમાં આ નામ, રૂપ, ને ક્રિયાવાળું જગત્ મનુષ્યને પોતાની વાસનાથી મિથ્યા પ્રતીત થાય છે, આવી ભાવના વારંવાર કર્યા કરવી તે પણ શુભભાવના છે. આ ભાવનાનો પરિપાક થવાથી તે ભાવના કરનાર ભાગ્યવાન્

પુરુષના ચિત્તમાથી જગતની વાસના બળહીન થઇ જવાથી બાહ્ય જગત્ દર્પણમાંના પ્રતિબિંબની પેઠે મિથ્યા છે એમ સ્પષ્ટ અનુભવાય છે, ને દર્પણસ્થાનીય બ્રહ્મની તેમને સત્યરૂપે સ્પષ્ટ પ્રતીતિ થાય છે

સ્વપ્નાવસ્થામાં જેમ અંત કરણજ વાસનાને લીધે શરીરની અતર જગદાકાર થાય છે, ને તે જગત્ જાણે પોતાના શરીરથી બહાર હોય એમ અનુભવાય છે, તેમજ આ જાગ્રદવસ્થામા પણ અત કરણજ વાસનાને લીધે શરીરની અતર જગદાકાર થાય છે, ને તે જગત્ જાણે પોતાના શરીરથી બહાર હોય એમ પ્રતીત થાય છે. અત.કરણની વૃત્તિનો તમોગુણવાળો ભાગ ભ્રાતિથી પદાર્થરૂપે ને અત કરણની વૃત્તિનો સત્ત્વગુણવાળો ભાગ ભ્રાતિથી પદાર્થના જ્ઞાનરૂપે પ્રતીત થાય છે, પ્રતીત થતા તે પદાર્થો કે પદાર્થોનું જ્ઞાન વસ્તુતાએ સત્ય નથી, જે છે તે માત્ર બ્રહ્મજ છે, આવા વિચાર વારવાર કર્યા કરવો તે પણ શુભભાવના છે. આ શુભભાવનાનો પરિપાક થવાથી તે ભાવના કરનારને જગતનો બાધ થઇ સર્વત્ર સચ્ચિદાનદ બ્રહ્મ અનુભવાય છે.

સુષુપ્તિઅવસ્થામા જેમ હુ સર્વ દુ ખથી રહિત પ્રસન્ન છુ, તેમ જાગ્રત્મા પણ હું જે સુષુપ્તિમા હતો તેજ હોવાથી સર્વ દુ ખથી રહિત સુપ્રસન્ન છુ, આવુ ચિંતન વારવાર કર્યા કરવું તે પણ શુભભાવના છે. આ શુભભાવનાનો પરિપાક થવાથી તે શુભભાવના કરનારને પોતાનું સ્વરૂપ સર્વ દુ ખથી રહિત ને સુપ્રસન્ન અનુભવાય છે.

મારુ અતઃકરણ ને દશ ઇંદ્રિયો વસ્તુતાએ તેમના વિવર્તઉપાદાનકારણ સાક્ષિરૂપ છે, સાક્ષી સર્વદા પરમાનદરૂપ હોવાથી આ અંતઃકરણ ને ઇંદ્રિયો પણ સર્વદા પરમાનદરૂપ છે એવો વિચાર વારંવાર કર્યા કરવો તે પણ શુભભાવના છે આવી શુભભાવનાના પરિપાકથી તે શુભભાવના કરનારનું અંતઃકરણ બહારના વિષયોમાં શ્રેષ્ઠ

વૈરાગ્યવાળુ થઇ પરમાનંદનો અનુભવ કરનારુ થાય છે.

મોક્ષસાધક પોતાના સદ્‌ગુરુએ ઉપદેશ કરેલા કોઇ પણ પ્રકારથી જ્યારે પોતાના ચિત્તને આ જગત્‌ના વિવર્તઉપાદાનકારણરૂપ સૂક્ષ્મતમ બ્રહ્મમા જોડવા માંડે છે, ત્યારે તેના ચિત્તની અશુદ્ધિ, સ્થૂળતા, ને ચચળતા ક્રમથી દૂર થવા માંડે છે, અને તેનું ચિત્ત પવિત્ર, સૂક્ષ્મ,ને એકાગ્ર થવા લાગે છે. એવી રીતે યોગ્યતામાં વૃદ્ધિ થવાથી તે શુદ્ધસત્વગુણમય થાય છે. શુદ્ધસત્વગુણ ને માયા એ એકજ અર્થના વાચક શબ્દો છે. જ્યારે ચિત્ત પોતાના ઉપાદાનકારણરૂપ માયાના જેવુ થાય છે ત્યારે તે ચિત્ત પોતાની શુભભાવનાપ્રમાણે અનુભવ કરે એમા કાંઇ આશ્ચર્ય નથી, કેમકે માયાને કોઇ કાર્ય દુર્ઘટ વા અસંભવવાળુ નથી.

હે પોતાનું હિત ઇચ્છનારા વિવેકિજનો! તમે તમારા અંતઃકરણભણી સાવધાનતાવાળી સૂક્ષ્મદૃષ્ટિથી જુઓ. તે શુભભાવનાપરાયણ રહે છે કે દુર્ભાવનાપરાયણ રહે છે તે નક્કી કરો. જો તે કોઇ પણ અશુભભાવનાપરાયણ રહેતુ હોય તો તે અશુભભાવનાથી વિપરીત શુભભાવનાનુ માહાત્મ્ય તેને સમજાવી શનૈઃ શનૈઃ તેને અપ્રમાદયુક્ત ધૈર્યવડ શુભભાવનાપરાયણ કરો. આવી રીતે સર્વ અશુભભાવનાથી તેને રહિત કરી કૃતાર્થ કરનારી કોઇ એક શુભભાવના જે તમને રુચિકર લાગે તે યથાર્થ સમજી તેમાં તેને જોડો.ને શુભભાવનાનું અનુષ્ઠાન ખેદ પામ્યા વિના આદરપૂર્વક દીર્ઘકાળસુધી નિરંતર કર્યા કરો, તથા તમારી શુભભાવનાનો વિઘાત થાય એવુ વચન કદીપણ ન બોલો. આમ કરવાથી તે શુભભાવનાનો પરિપાક થશે, અને તેનો પરિપાક થવાથી તમે કર્તવ્યના અવધિને પામવાથી કૃતકૃત્ય થશો એમાં સંશય નથી. ઇતિ શિવમ્.